# વિશ્વ મધમાખી દિવસ ઉપક્રમે સંકલિત જીવાત વ્યવસ્થાપન સાથે મધમાખી પાલનનો તાલિમ વર્ગ

વિશ્વ મધમાખી દિવસના ઉપક્રમે દ્વારા કીટકશાસ્ત્ર વિભાગ, બં. અ. કૃષિ મહાવિદ્યાલય, આકૃયુ, આણંદ સંકલિત જીવાત વ્યવસ્થાપન સાથે મધમાખી પાલન અંગેની તાલિમ તા: ૧૮/૦૮/૨૦૧૭ થી ૨૦/૦૮/૨૦૧૭ દરમ્યાન ગોઠવવામાં આવેલ. જેમાં ગુજરાતના જુદા જુદા જીલ્લાના કુલ ૩૩ ખેડૂત ભાઇઓએ ભાગ લીધેલ.

વધતા જતા જંતુનાશકોના છાંટકાવથી પર્યાવરણમાં મધમાખીની વસ્તી નાશ પામવા લાગી છે જેની સીધી અસર પાક ઉત્પાદન પર જોવા મળે છે. આથી સંકલિત જીવાત વ્યવસ્થાપન અપનાવી, જતુંનાશક દવાના છંટકાવ તેમજ પાક સંરક્ષણ ખર્ચ ઘટાડી, રસાયણમુક્ત અને ગુણવત્તાસભર ખેત ઉત્પાદનની સાથે મધમાખી પાલન તેમજ મધમાખીની જાળવણી અંગેની જાણકારી ખેડૂતોને મળે અને મધમાખી પાલન અંગેની જાગૃતતા કેળવાય તે માટે આ તાલિમનું આયોજન કરવામાં આવેલ.

આ તાલિમ કાર્યક્રમમાં મધમાખી પાલન વિષય પર જુદા-જુદા નિષ્ણાંતો દ્વારા લંબાણપૂર્વક ખેડૂતોને માર્ગદર્શન આપવામાં આવેલ જેમાં મધમાખી પાલનની શરૂઆત કરતી વખતે લેવાની થતી કાળજીઓ, ૠતુ મુજબ મધમાખી પાલન, કૃત્રિમ રાણી ઉછેરની પધ્ધતિઓ, મધમાખી પાલન માટે જરૂરી સાધનો, પરાગરજ અને મધુરસ પુરી પાડતી વનસ્પતિઓ, મધ કાઢવાની પધ્ધતિઓ તેમજ મધના પ્રોસેસીગ પ્લાન્ટ દ્વારા પ્રોસેસીગ અને બોટલીગ કેવી રીતે કરવું તેની પ્રાયોગીક તાલિમ આપવામાં આવેલ.

કાર્યક્રમનાં છેલ્લા દિવસે નિષ્ણાંતો દ્વારા ખેડૂતોને મુંજવતા પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવેલ. આ તાલિમમાં આચાર્ય અને વિદ્યાશાખાધ્યક્ષશ્રી ડૉ. કે. પી. પટેલે તાલિમની જાણકારી બીજા ખેડૂતો સુધી પહોંચે તેમજ ખેડૂત મિત્રોને ખેતી સાથે પોતાનો વ્યવસાય શરૂ કરે તેવી અભ્યર્થના સાથે શુભેચ્છા પાઠવેલ. તાલિમાર્થીઓને તાલિમ અંગેનું  પ્રમાણપત્રનું વિતરણ પણ કરવામાં આવેલ.




વૈજ્ઞાનિક ઢબે મધમાખી ઉછેર અને મધ ઉત્પાદન
AAU






મધમાખીઓ છે તો માનવજાત છે




સંકલિત જીવાત વ્યવસ્થાપન સાથે
મધમાખી પાલનની તાલિમ
વિશ્વ મધમાખી દિવસ નિમિતે




મધમાખી પાલનની તાલિમ
વિશ્વ મધમાખી દિવસ નિમિતે


तुलसी